| | | | |
|---|---|---|---|
| **તારીખ** | ૩૧ | ૦૮ | ૨૦૨૪ |
| **રજી.તારીખ** | ૩૧ | ૦૮ | ૨૦૨૪ |
| **ફે. તારીખ** | ૨૧ | ૦૫ | ૨૦૨૬ |
| **સમયગાળો** | વર્ષ | માસ | દીવસ |
| | | | |

---

**જામજોધપુરના જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસશ્રીની કોર્ટમાં મુકામ જામજોધપુર**

---

**ફોજદારી કેસ નં. ૮૮૬/૨૦૨૪**

**આંક–૨૭**

**ફરીયાદી** – શ્રી સરકાર

જામજોધપુર પો.સ્ટે. ગુના રજી.નં. ૦૦૩૭/૨૦૨૪

**વી.**

**આરોપી** – **ભાવેશગીરી પ્રતાપગીરી ગોસાઇ**

ઉ.વ.–૫૩, ધંધો–મજુરીકામ,
રહે.લીંબડા ચોક, જામજોધપુર,
તા.જામજોધપુર, જિ.જામનગર

---

**ગુન્હો – ગુજ. પ્રોહી. એકટ કલમ– ૬૬(૧)બી, ૮૫(૧)**

---

| | |
|---|---|
| **ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી** | એસ.યુ.બાબી |
| **આરોપી તરફે વિ. વ.શ્રી.** | સી.એસ.ગોસ્વામી |

**– :: ઠરાવ :: –**

(૧) ફરિયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, તા.૧૫–૦૧–૨૦૨૪ ના રોજ કલાક ૧૮:૦૦ કલાક વાગ્યે બહુચરાજી મંદીર પાસે જાહેર રોડ પર આ કામના આરોપીએ ગે.કા. પાસ પરમીટ વગર કેફી પીણુ પીધેલ હાલતમાં જાહેરમાં નિકળિ પકડાઇ જતા ગુન્હો કરેલ હોય આ બાબતે ફરિયાદીએ આરોપી વિરુધ્ધ પ્રોહીબીશન એકટની કલમ–૬૬(૧)બી,૮૫(૧) મુજબની ફરિયાદ આપતા તેની તપાસના અંતે આરોપી વિરુધ્ધ પુરતા પુરાવા જણાતા પ્રોહીબીશન એકટની કલમ–૬૬(૧)બી,૮૫(૧) મુજબના

ગુનામાં હાલનું ચાર્જશીટ કરવામાં આવેલ છે.

(૨) ઉપરોકત ગુનાનું ચાર્ઝશીટ રજુ થતા ધોરણસર રજીસ્ટરે લઇ સી.આર.પી.સી. કલમ–૧૯૦(૧)(ખ) અન્વયે સંજ્ઞાન લઇ સી.આર.પી.સી. કલમ–૨૦૪ અન્વયે પ્રોસેસ ઈસ્યુ કરતા આરોપી કોર્ટમાં હાજર થતા તેને સી.આર.પી.સી.ની કલમ–૨૦૭ મુજબ પોલીસ તપાસના કાગળોની તમામ નકલો વિના મુલ્યે આપેલ. આ કામે આંક–૦૩ થી મારા પુરોગામીશ્રી દવારા તહોમતનામુ ફરમાવી, આંક–૦૪ થી ગુના અંગેની પ્લી લેતાં, તેઓને ગુનો કબુલ ન હોય હાલનો કેસ આગળ ચલાવવામાં આવેલ.

(૩) આ કામે ફરીયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા નીચે મુજબના પુરાવાઓ આપેલ છે.

**મૌખિક પુરાવો**

| ક્રમ | સાહેદનુ નામ | | આંક |
|---|---|---|---|
| ૧ | પંચ સાહેદ | મુનાભાઇ રામાભાઇ ખાંભલા | ૦૫ |
| ૨ | પંચ સાહેદ | રવીભાઇ કાનાભાઇ કટારા | ૧૪ |
| ૩ | સાહેદ | ડો.સંજયકુમાર રામકુમાર રામ | ૧૯ |
| ૪ | ફરીયાદી | મયુરસિંહ સહદેવસિંહ જાડેજા | ૨૪ |
| ૫ | ત.ક.અ. | વિરેન્દ્રસિંહ પરબતસિંહ જાડેજા | ૨૬ |

**<u>દસ્તાવેજી પુરાવો</u>**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | પંચનામુ | ૦૬ |
| ૨ | ઓપીડી કેસ પેપર્સ | ૨૦ |
| ૩ | ફોર્મ–એ | ૨૧ |
| ૪ | ફોર્મ–બી | ૨૨ |
| ૫ | ફોર્મ–સી | ૨૩ |
| ૬ | ફરીયાદ | ૨૫ |

(૪) ત્યાર બાદ ઉપરોકત પુરાવા રજુ થયા બાદ સરકાર પક્ષે એ.પી.પી શ્રી દવારા વધુ

લેખીત કે મૌખિક પુરાવો આપવો નથી તેવુ મૌખિક જાહેર કરતા ઉપરોકત પુરાવાના અંતે આ કામના આરોપી વિરુધ્ધ રેકર્ડ પર આવેલા પુરાવા સંદર્ભે તેને પોતાના બચાવની વ્યાજબી અને પુરતી તક મળી રહે તે હેતુથી સી.આર.પી.સી. ની કલમ ૩૧૩ અન્વયે આરોપીના અગાઉ લેવાયેલા નિવેદન તળે વિશેષ નિવેદન લેતા તેમણે જણાવેલ છે કે, તેમના ઉપર ખોટો કેસ કરેલ છે તેમજ તેઓને બચાવના સાહેદો તપાસવા નથી કે સોગંદ પર પુરાવો આપવો નથી, ત્યાર બાદ બન્ને પક્ષોની દલીલો સાંભળવામાં આવેલ તેમજ રેકર્ડ ઉપરનો પુરાવો ધ્યાને લીધો.

(૫) આમ, હાલના કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**:: મુદા ::**

૧. શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, તા.૧૫–૦૧–૨૦૨૪ ના રોજ કલાક ૧૮:૦૦ કલાક વાગ્યે બહુચરાજી મંદીર પાસે જાહેર રોડ પર આ કામના આરોપીએ ગે.કા. પાસ પરમીટ વગર કેફી પીણુ પીધેલ હાલતમાં જાહેરમાં નિકળિ પકડાઇ જતા ગુન્હો કરેલ આ બાબતે ફરિયાદીએ આરોપી વિરુધ્ધ પ્રોહીબીશન એકટની કલમ–૬૬(૧)બી, ૮૫(૧) મુજબ નો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે ?

૨. શું હુકમ ?

(૬) ઉપરોકત મુદ્દાના મારા નિર્ણયો નીચે મુજબ છે.

**:: નિર્ણયો ::**

(૧) મુદ્દા નંબર : ૧ : નકારમાં

(૨) મુદ્દા નંબર : ૨ : આખરી હુકમ મુજબ.

**:: કારણો ::**

(૭) ઉપરોકત નિર્ણય પર આવવા માટેના મારા કારણો નીચે મુજબ છે.

**મુદા નં.૧ :–**

૭.૧ ફરીયાદ પક્ષે પોતાનો કેસ પુરવાર કરવા આ કામે ફરીયાદ પક્ષે પોતાનો કેસ પુરવાર કરવા પંચસાહેદોને તપાસેલ છે. આ પંચસાહેદો તેની સોગંદ ઉપરની જુબાનીમાં પંચનામાની હકિકતને સમર્થન આપેલ નથી. આમ, સદર પંચસાહેદોની જુબાનીથી આંક–૦૬ વાળું પંચનામાની હકીકતોને સમર્થન પ્રાપ્ત થતુ નથી.

૭.૨ ફરીયાદપક્ષે સાહેદ ડો.સંજયકુમાર રામકુમાર રામ તેઓની આંક–૧૯ ની સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે, હું ઉપરોકત સરનામે રહું છું અને સને ૨૦૧૭ ની સાલ થી સરકારી હોસ્પિટલ જામજોધપુર ખાતે મેડીકલ ઓફીસર તરીકે ફરજ બજાવું છું. તા.

૧૫/૦૧/૨૦૨૪ ના રોજ રાત્રીના ના ક.૦૯:૧૫ વાગ્યે જામજોધપુર પોલિસ ના પો.કો.મયુરસિંહ એસ.જાડેજા બ.નં.૧૪૬૯ જે ભાવેશગીરી પ્રતાપગીરી ગોસાઇ ઉ.વ.૫૩ રે.લિમડાચોક જામજોધપુર વાળાનાઓને મારી પાસે મેડીકલ તપાસ માટે લાવેલ. જેઓની મેડીકલ તપાસ કરી બ્લડ સેમ્પલ લઇ સેમ્પલ શીલ કરી એફ.એસ.એલ.ગાંધીનગર ખાતે મોકલેલ. જેની મેડીકલ તપાસણી ફોર્મ નં. એ તથા બી તેમજ ગાંધીનગર એફ.એસ.એલ.ના રીપોર્ટ સાથે લાવેલ છું. જેના એમ.એલ.સી.નં.૨૭/૨૦૨૪ જે હું સાથે લાવેલ છું. ફોર્મ નં. સી પણ મારી સાથે લાવેલ છું. તા.૧૫/૦૧/૨૦૨૪ ના રોજ આરોપીનું બ્લડ સેમ્પલ લઇ જે ફિનાઇલ અમો એન્ટીકોબ્યુલન્ટ નાખી ચેક કરી તેના બ્લડ સેમ્પલ લઇ એફ.એસ.એલ.ગાંધીનગર ખાતે તા.૨૪/૦૧/૨૦૨૪ ના રોજ મોકલેલ. તા.૧૭/૦૨/૨૦૨૪ ના રોજ એનાલિસીસ થયેલ.જેમાં આલ્કોહોલ નું પ્રમાણ ૦.૦૭૪૩ આવેલ. જે રેગ્યુલર ૦.૦૫ હોવુ જોઇએ તેનાથી વધુ પ્રમાણમાં આવેલ જે ફોર્મ નં. સી માં જણાવેલ.જે હું મારી સાથે લાવેલ છું. ઓપીડી કેસ પેપર્સ લાવેલ છું જેને આંક–૨૦ થી રજુ છે. ફોર્મ નં. એ લાવેલ છું જે આંક–૨૧ થી રજુ છે. ફોર્મ નં. બી લાવેલ છું જે આંક–૨૨ થી રજુ છે. ફોર્મ નં. સી લાવેલ છું જે આંક–૨૩ થી રજુ છે. મારા અભિપ્રાય મુજબ સામાન્ય કરતા આલ્કોહોલ નું પ્રમાણ વધુ પ્રમાણમાં જોવા મળેલ છે. જેથી આ વ્યકતિએ આલ્કોહોલ લીધેલ હોય જે તેના ચેકઅપ તેમજ રીપોર્ટ પરથી જણાવું છું.

બચાવ પક્ષના વિ.વ.શ્રી દ્વારા ઉલટ તપાસ કરવામાં આવતા એ વાત કબુલ કરેલ છે કે, એ વાત ખરી છે કે આલ્કોહોલયુકત દવાઓ બજારમાં સરળતાથી મળે છે. એ વાત ખરી છે કે આલ્કોહોલયુકત દવાઓનું વધુ પ્રમાણમાં સેવન કરવામાં આવે તો મોઢામાંથી આલ્કોહોલ ની વાસ આવે છે. એ વાત ખરી છે કે કોઇ વ્યક્તિ ને શારિરીક નબળાઇ હોય તો તેની ચાલ અસ્થિર થઇ શકે છે. એ વાત ખરી છે કે આલ્કોહોલ લીધા સિવાય પણ તેની ભાષા અસ્પષ્ટ થઇ શકે છે અને આંખની કીકી પણ પહોળી થઇ શકે છે. એ વાત ખરી છે કે ફોર્મ એ તથા ફોર્મ બી છાપેલા ફોર્મ છે. એ વાત ખરી છે કે અમોએ જે બ્લડ સેમ્પલ લીધેલ હોય તે જયારથી લીધેલ ત્યારથી સાત દિવસની અંદર પ્રુથ્થકરણ અર્થે મળી જવું જોઇએ.એ વાત ખરી છે કે આરોપીનું બ્લડ સેમ્પ્લ તા.૧૫/૦૧/૨૦૨૪ ના રોજ રાત્રીના ૯:૧૫ વાગ્યે લીધેલ. એ વાત ખરી છે કે તા.૨૪/૦૧/૨૦૨૪ ના રોજ બ્લડ સેમ્પલ રવાના કરેલ.એ વાત ખરી છે કે એફ.એસ.એલ.માં તા.૨૯/૦૧/૨૦૨૪ ના રોજ મળેલ.એ વાત ખરી છે કે ફોર્મ એ માં હોસ્પિટલ નો રાઉન્ડશીલ લગાવેલ નથી. એ વાત ખરી છે કે ફોર્મ બી માં હોસ્પિટલના રાઉન્ડશીલ લગાવેલ નથી.એ વાત ખરી છે કે આરોપીના બ્લડ સેમ્પલ નું પ્રુથ્થકરણ તા.૧૭/૦૨/૨૦૨૪ ના રોજ થયેલ છે. એ વાત ખરી છે કે આ કામે ૭

<u>દિવસની અંદર આરોપીનું બ્લડ સેમ્પલ નું એનાલિસીસ થયેલ નથી</u>.

૭.૩ ફરીયાદપક્ષે ફરીયાદી મયુરસિંહ સહદેવસિંહ જાડેજા તેઓની આંક–૨૪ ની સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે, ગઇ તા.૧૫/૦૧/૨૦૨૪ ના રોજ અમો તથા હેડ કો.એસ.ડી.જાડેજા એ રીતેના સ્ટાફના માણસો ખાનગી વાહનમાં પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા ત્યારે ફરતા ફરતા ક.૧૭:૦૦ વાગ્યેથી પેટ્રોલિંગમાં હતા ત્યારે ક.૧૮:૦૦ વાગ્યે જામજોધપુર ખાતે બહુચરાજી મંદીર પાસે પહોંચતા સામેથી એક ઇસમ લથડીયા ખાતો અને બકવાસ કરતો જોવામાં આવતા બે રાહદારી પંચોને બોલાવી પંચો રૂબરૂ નામ ઠામ પુછતા પોતે પોતાનું નામ ભાવેશગીરી પ્રતાપગીરી ગોસાઇ રે. જામજોધપુર વાળો હોવાનું થોથરાતી જીભે જણાવેલ. મજકુરની આંખો જોતા નશાથી ઘેરાયેલ લાલ જોવામાં આવેલ તેમજ મજકુર ઇસમને હલાવી ચલાવી જોતા પોતે લથડીયા ખાતો હોય અને પોતાના શરીરનું સમતોલન જાળવી શકતો ન હતો. જેથી મજકુર ઇસમ એ કેફી પીણુ પી જાહેરમાં નીકળેલ હોય પાસ પરમીટ માંગતા નહી હોવાનું જણાવેલ. જેથી મજકુર ઇસમને ગેરકાયદેસર પાસ પરમીટ વગર કેફી પીણું પી જાહેરમાં નીકળી રેડ દરમ્યાન પકડાય જતા પ્રોહી કલમ ૬૬ (૧) બી, ૮૫–૧ મુજબનો ગુનો કરેલ હોય પંચો રૂબરૂનું વિગતવારનું પંચનામું ક.૧૮:૩૦ સુધીનું સાથેના હેડ કો.એસ.ડી.જાડેજાનાઓએ કરેલ.મજકુર સામે પ્રોહી કલમ ૬૬(૧)બી,૮૫–૧ મુજબના ગુનાની ફરીયાદ અમોએ આપેલ. તેઓને ફરીયાદ બતાવતા તેમાં પોતાની સહી ઓળખી બતાવેલ છે. જે ફરીયાદ આંક–૨૫ થી રજુ છે.

બચાવ પક્ષના વિ.વ.શ્રી દ્વારા ઉલટ તપાસ કરવામાં આવતા એ વાત કબુલ કરેલ છે કે, એ વાત ખરી છે કે પ્રથમ પંચનામું કરેલ ત્યારબાદ ફરીયાદ કરેલ. એ વાત ખરી છે કે ફરીયાદમાં પંચોના નામ જણાવેલ નથી. પેટ્રોલિંગમાં જે વાહનમાં ગયેલા તેના નંબર ફરિયાદમાં જણાવેલ નથી. એ વાત ખરી છે કે આરોપીને જાહેર જગ્યાએ પકડેલ છે. એ વાત ખરી છે કે જો કોઇ માણસ નિંદરમાંથી જાગીને નિકળે તો તેની આંખો લાલ હોય છે. એ વાત ખરી છે કે કોઇ વ્યક્તિ અશકત કે બિમાર હોય તો તેના શરીરનું સમતોલન જાળવી શકે નહી તેમજ તેની બોલચાલ પણ સામાન્ય હોય નહી.એ વાત ખરી નથી કે પંચો રૂબરૂ પંચનામું કરવામાં આવેલ નથી. એ વાત ખરી નથી કે હું ઘણા સમયથી જામજોધપુર નોકરી કરતો હોય જેથી આરોપીને ઓળખું છું. જેથી એ વાત ખરી નથી કે આવો કોઇ આરોપી કેફી પ્રવાહી પીધેલ હાલતમાં જાહેરમાં મળી આવેલ ન હોય કામગીરી બતાવવા ખોટી ફરીયાદ આપેલ.

૭.૪ ફરીયાદપક્ષે ત.ક.અ. વિરેન્દ્રસિંહ પરબતસિંહ જાડેજા તેઓની આંક–૨૬ ની સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે, ગઇ તા.૧૫/૦૧/૨૦૨૪ ના રોજ હેડ

કો.એસ.ડી.જાડેજા તથા સ્ટાફના માણસો ક.૧૭:૦૦ થી પેટ્રોલિંગમાં હતા ત્યારે ફરતા ફરતા ક.૧૮:૦૦ વાગ્યે બહુચરાજી મંદીર પાસે સામેથી એક ઇસમ લથડીયા ખાતો બકવાસ કરતો જોવામાં આવતા બે રાહદારી પંચોને બોલાવી પંચો રૂબરૂ નામ ઠામ પુછતા પોતે પોતાનું નામ ભાવેશગીરી પ્રતાપગીરી ગોસાઇ રે.જામજોધપુર વાળો હોવાનું થોથરાતી જીભે જણાવેલ. મજકુર ની આંખો જોતા નશાથી ઘેરાયેલ લાલ જોવા મળેલ તેમજ મજકુર ઇસમને હલાવી ચલાવી જોતા લથડીયા ખાતો હોય પોતાના શરીરનું સમતોલન જાળવી શકતો ન હોય જેથી મજકુર ઇસમ એ કેફી પીણુ પી જાહેરમાં નિકળેલ હોય પાસ પરમીટ માંગતા નહી હોવાનું જણાવેલ. જેથી પંચો રૂબરૂનું પંચનામું હેડ કો.એસ.ડી.જાડેજાનાઓએ કરી ધોરણસર અટક કરેલ. મજકુર ઇસમ ગેરકાયદેસર પાસ પરમીટ વગર કેફી પીણું પી જાહેરમાં નીકળી રેડ દરમ્યાન પકડાય જતા પ્રોહી કલમ ૬૬(૧) ,૮૫-૧ મુજબનો ગુનો કરેલ હોય તેની સામે ધોરણસર થવા પો.કો.મયુરસિંહ સહદેવસિંહ જાડેજાનાઓએ ફરીયાદ રીપોર્ટ આપેલ. સદર ગુનો રજીસ્ટર કરી પી.એસ.ઓ.એ તપાસ હેડ કો.એસ.ડી.જાડેજાનાઓએ કરેલ ત્યારબાદ આગળની તપાસ અમોને સોંપતા તપાસ સંભાળી લઇ આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો હોય નામ.કોર્ટમાં ચાર્જશીટ કરેલ.

બચાવ પક્ષના વિ.વ.શ્રી દ્વારા ઉલટ તપાસ કરવામાં આવતા એ વાત કબુલ કરેલ છે કે, એ વાત ખરી છે કે બનાવ જાહેર પર બનેલ છે. એ વાત ખરી છે કે પ્રથમ પંચનામું કરેલ ત્યારબાદ ફરીયાદ આપેલ. એ વાત ખરી છે કે ફરીયાદમાં પંચોના નામ જણાવેલ નથી. એ વાત ખરી છે કે આ કામે કોઇ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધેલ નથી. એ વાત ખરી નથી કે પંચો રૂબરૂ પંચનામું કરેલ નથી. એ વાત ખરી નથી કે આરોપીને પંચો રૂબરૂ અટક કરેલ નથી. એ વાત ખરી છે કે ચાર્જશીટ કરેલ ત્યારે સી સર્ટી આવેલ ન હતું. એ વાત ખરી છે કે કોઇ વ્યકતિ બિમાર કે અશકત હોય તો તેની ચાલ સ્થિર ન હોય. એ વાત ખરી છે કોઇ વ્યક્તિ ને ઉજાગરો હોય તો તેની આંખો લાલ હોય છે. એ વાત ખરી છે કે ખાટાફળો ખાવાથી મોઢામાંથી વાસ આવે છે. એ વાત ખરી નથી કે ફરીયાદી અમારા સાથી કર્મચારી હોય તેની ફરીયાદના સમર્થનમાંખોટી તપાસ કરી કામગીરી બતાવવા ચાર્જશીટ કરેલ.

૭.૫ આમ, ઉપરોકત વિગતે ફરીયાદપક્ષે રજુ થયેલ લેખીત, મૌખીક પુરાવો, બંને પક્ષે કરવામાં આવેલ દલીલો તથા કાયદાકીય જોગવાઈઓ ધ્યાને લેતા આરોપી વીરૂધ્ધ આરોપી વિરૂધ્ધ પ્રોહી કલમ ૮૫(૧) મુજબના ગુનાનું તહોમત હોય ત્યારે ફરીયાદપક્ષે એ હકીકત નિશંકપણે પુરવાર કરવી પડે કે બનાવના સ્થળે અને સમયે આરોપી કોઈ રાહદારી માર્ગ અથવા સાર્વજનીક સ્થળ અથવા

જેમાં લોકોને આવ જા કરવાની છુટ હોય તેવા સ્થળે છાટકો બનેલો હતો અને પોતાની સંભાળ લેવા અશકત હતો અથવા તો દારૂની અસર તળે શીસ્તહીન રીતે વર્તતો હતો ત્યારે આ સંદર્ભમાં પડેલો પુરાવો ધ્યાને લેતા આ કામે તપાસવામાં આવેલ પોલીસ સાહેદોએ આરોપી લથડીયા ખાતો હોય તેમજ પોતાના શરીરનું સમતોલન જાળવી શકતો ન હોવાનું પોતાના પુરાવામાં જણાવેલ છે. પરંતુ ફરીયાદપક્ષના પડેલ પુરાવાથી આરોપી જાહેર સ્થળ પર દારૂની અસર હેઠળ શીસ્તહીન વર્તન કરતો હતો તેવું પુરવાર થતું નથી. કારણકે ફરીયાદપક્ષે પડેલ પુરાવા પરથી આરોપી બનાવવાળી જગ્યાએ અશીસ્ત વર્તન કરતો હતો તેવું જણાવતા નથી. તે હકીકત પુરવાર કરતો લેશમાત્ર પુરાવો રજુ રાખેલ નથી. તેવા સંજોગોમાં આરોપીને તેમની સામેના આક્ષેપીત પ્રોહી. કલમ ૮૫ (૧) મુજબ તકસીરવાન ઠરાવી શકાય નહીં.

વધુમાં આરોપી વિરૂધ્ધ પ્રોહી કલમ ૬૬(૧)બી મુજબના ગુનાનું તહોમત હોય તે સંદર્ભમાં ફરીયાદપક્ષે પડેલ પુરાવાની ચર્ચા કરીએ તો આ કામે તપાસવામાં આવેલ પોલીસ સાહેદોએ બનાવની હકીકતોને અનુરુપ પુરાવો રજુ રાખેલ છે. હવે આ કામે મહત્વના કહી શકાય તેવા આંક–૧૯ થી ડોકટર સાહેદને આ કામે તપાસવામાં આવેલ છે તેઓનો પુરાવો ધ્યાને લેતા તેઓએ પોતાના પુરાવામાં જણાવેલ છે કે તા. ૧૫/૦૧/૨૦૨૪ ના રોજ રાત્રીના ના ક.૦૯:૧૫ વાગ્યે જામજોધપુર પોલિસ ના પો.કો.મયુરસિંહ એસ.જાડેજા બ.નં.૧૪૬૯ આરોપી ભાવેશગીરી પ્રતાપગીરી ગોસાઈ ઉ.વ.૫૩ રે.લિમડાચોક જામજોધપુર વાળાનાઓને મારી પાસે મેડીકલ તપાસ માટે લાવેલ. જેઓની મેડીકલ તપાસ કરી બ્લડ સેમ્પલ લઈ સેમ્પલ એફ.એસ.એલ.ગાંધીનગર ખાતે તા.૨૪/૦૧/૨૦૨૪ ના રોજ મોકલેલ અને તા.૧૭/૦૨/૨૦૨૪ ના રોજ એનાલિસીસ થયેલ.જેમાં આલ્કોહોલ નું પ્રમાણ ૦.૦૭૪૩ આવેલ. જે રેગ્યુલર ૦.૦૫ હોવુ જોઈએ તેનાથી વધુ પ્રમાણમાં આવેલ તેવો અભીપ્રાય આપેલ છે. ત્યારે ડોકટર સાહેદના પુરાવા અન્વયે વધુ ચર્ચા કરતા પહેલા મેડીકલ એકઝામીનેશન અને બ્લડ ટેસ્ટ રૂલ અહીં ધ્યાને લેવો આવશ્યક જણાય છે.

4 Manner of collection and forwarding of blood..

(1) The registered medical practitioner shall use a syringe for the collection of the blood of the person produced before him under rule 3 the syringe shall be

sterilised by purring in boiling water before it is used for the aforesaid purpose. He shall clean with sterilized water and swab the skin surface of the part of such person's body from which he intends to withdraw the blood. No alcohol shall be touched at any stage while withdrawing blood from the body of the person. He shall withdraw not less than 5 c. c. of venous blood in the syringe from the body of the person. The blood collected in the syringe shall then be transferred into a phial containing anti-coagulant and preservative and the phial shall then be shaken vigorously to dissolve the anti-coagulant and preservative in the blood. The phial shall be labelled and its cap sealed by means of sealing wax with the official seal or the monogram of theregistered medical practitioner.

(2) The sample blood collected in the phial in the manner stated in sub-rule (1) shall be forward for test to the Testing Officer either by post or with a special messenger so as to reach him within seven days from the date of its collection. It shall be accompanied by a forwarding letter in form'B' which shall bear a fascimile of the seal or monogram used for sealing the phial of the sample blood.

GUJARAT HIGHCOURT 1996 (2) GLR 372

Kalidas Dhulabhai Vaghela Vs State of Gujarat

Decided on 11-08-2000

5. It is now settled law that the provisions of Rule 4 of the said Rules of 1959 are mandatory.

Rule 4 of the said Rules of 1959 provides manner-of collection and forwarding of blood.

It reads as under:

4. Manner of collection and forwarding of blood: (i) The Registered Medical Practitioner shall use a syringe for the collection of the blood of the person produced before him under Rule 3. The syringe shall be sterilized by putting in boiling; water before it is used for the aforesaid purpose. He shall clean with sterilized water and swab the skin surface of that part of such person's body from which he intends to withdraw the blood. No alcohol shall be touched at any stage while withdrawing blood from the body of the person. He shall withdraw not less than 5 cc of venous blood in the syringe from the body of the person. The blood collected in the syringe shall then be transferred into a phial containing anti-coagulant and preservative and the phial shall then be shaken vigorously to dissolve the anti-coagulant and preservative in the blood. The phial shall be labelled and its cap sealed by means of sealing was with the official seal or the monogram of the Registered Medical Practitioner.

(2) The sample blood collected in the phial in the manner stated in Sub-rule (1) shall be forwarded for test to the Testing Officer either by post or with a special messenger so as to reach him within seven days from the date of its collection. It shall be accompanied by a forwarding letter in Form "B" which shall bear a facsimile of the seal or monogram used for sealing the phial of the sample blood.

6. It is clear on plain reading of the aforesaid Rule 4 that the blood is to be collected in the syringe and to be transferred into phial containing anti-coagulant and preservative and it has to be done by the doctor. It is not clear from the material on record as to at what point of time the anti-coagulant and preservative were added in the prepared phial which was given to P.W. 3 for the purpose of collection of blood of the accused. This is grave infirmity in the process of collecting the blood of the accused. It is, therefore, in clear breach of the above Rule 4. It is also clear from the evidence on record that the anti-coagulant and the preservative which had to be added were not added by the doctor himself.

7. As observed above, the doctor admitted that be had received a ready phial containing anti-coagulant and preservative. There is no evidence or other material on record to show as to who in fact put anti-coagulant and preservative in the phial and at what time it was so placed in the phial. The doctor has also admitted that the syringe was made clear and sterilized by the Hospital peon. Rule 4 of the said Rules of 1959, inter alia, requires that the blood collected in the syringe shall be transferred into phial containing anticoagulant and preservative. Admittedly, this was not done by the doctor. This is in violation of the mandatory provisions contained in the said Rule 4. This infirmity is of fatal nature and vitiates the order of conviction.

8. Mr. S.T. Mehta, learned Additional Public Prosecutor, invited my attention to para 9 of the judgment of the appellate Court, wherein it is recorded that the doctor added the preservative in the phial. However, on perusal of the cross-examination of P.W. 3, Dr. Patel, this is clear misreading of the evidence on record. Under the circumstances, the order of conviction cannot be sustained.

9. In the result, the Criminal Revision Application is allowed. The impugned judgment and order of conviction and sentence is quashed. The petitioner-accused is acquitted of the offence punishable under Section 66(1)(b) of the Bombay Prohibition Act. Fine, if paid by the petitioner-accused is ordered to be refunded. Bail-bonds shall stand cancelled. Rule is accordingly made absolute.

૮. આમ, ડોકટરી તપાસ અને લોહીની ચકાસણી બાબતના નિયમો તથા નામદાર ગુજરાત હાઈકોર્ટ દવારા ઉપર મુજબના ચુકાદાના કરેલ અવલોકન ધ્યાને લેતા તથા આંક-૧૯ થી તપાસવામા આવેલ ડોકટર સાહેદનો પુરાવો ધ્યાને લેતા આ કામે આરોપીનું બ્લડ લેતી વખતે ડોકટરી તપાસ અને લોહી ચકાસણીના નિયમની મેન્ડેટરી જોગવાઈઓનું પાલન કરેલું હોય તેવું ફલીત થતું નથી. કારણકે ડોકટર સાહેદે પોતાના પુરાવામાં તેઓએ આરોપીની મેડીકલ તપાસ કરી બ્લડ સેમ્પલ લઈ સીલ કરી એફ.એસ.એલ. ગાંધીનગર ખાતે મોકલાવેલ હોવાનું

જણાવેલ છે. ત્યારે આરોપીનું બ્લડ સેમ્પલ લેતી વખતે આલ્કોહોલને સ્પર્શ ન થાય તેવી તકેદારી લેવામાં આવેલ હતી કે કેમ તે સ્પષ્ટ થતું નથી. તેમજ આરોપીનું બ્લડ સેમ્પલ ડોકટર સાહેદે જાતે લીધેલ હતુ કે કેમ તે પણ સ્પષ્ટ રીતે રેકર્ડ પર આવેલ નથી તેમજ લીધેલ નમુનો પુરતા પ્રમાણે એન્ટી કોગ્યુલન્ટ ઉમેરેલ હતુ તેવુ પણ સ્પષ્ટ પણે રેકર્ડ પર આવેલ નથી. ત્યારે હાલના કામે ડોકટરી તપાસ અને લોહીની ચકાસણી બાબતના નિયમોની મેન્ડેટરી જોગવાઈઓનું બ્લડ સેમ્પલ લેતી વખતે ઉપરોકત નિયમોનું પાલન કરવામાં આવેલ હતું તે સ્પષ્ટ થતું નથી. વધુમાં રેકર્ડ પરનો પુરાવો ઘ્યાને લેતા આરોપીનું બ્લડ સેમ્પલ તા.૧૫/૦૧ /૨૪ ના રોજ લેવાયેલ હોવાનું અને સદર આરોપીનું બ્લડ સેમ્પલ તા.૨૯/૦૧/૨૪ ના રોજ એફ.એસ.એલ. ખાતે મળેલ હોવાનું આંક-૨૩ થી રજુ ફોર્મ-સી ઘ્યાને લેતા ફલીત થાય છે. તેવા સંજોગોમાં ઉપરોકત મેડીકલ બ્લડ ટેસ્ટની જોગવાઈ મુજબ બ્લડ સેમ્પલ લીધાથી ૭ દીનમાં એફ.એસ.એલ. ખાતે પહોંચેલ ન હોવાનું સ્પષ્ટપણે ફલીત થતુ હોય. તેવા સંજોગોમાં આ કામે મેડીકલ બ્લડ ટેસ્ટની મેન્ડેટરી જોગવાઈઓનો ભંગ થયેલાનું રેકર્ડ પરના પુરાવાથી ફલીત થતુ હોય ત્યારે આરોપીની તેમની સામેના આક્ષેપીત કલમ પ્રોહી ૬૬ (૧) બી, મુજબના ગુનામાં દોષીત ઠરાવી શકાય નહીં.

૯. આમ ઉપર કરેલ ચર્ચા મુજબ આ કામના આરોપીના બ્લડ સેમ્પલ લેતી વખતે ડોકટરી તપાસ અને લોહી ચકાસણીના નિયમો ૪ ની જોગવાઈઓ મેન્ડેટરી સ્વરૂપની હોય તેનું પાલન થયેલાનું રેકર્ડ પર આવેલ ન હોય જેથી ફરીયાદપક્ષ આરોપી સામેનો કેસ શંકાથી પર પુરવાર કરી શકેલ ન હોય તેવા સં જોગોમાં મુદા નં.૧ નો જવાબ આથી નકારમાં ઠરાવવામાં આવે છે અને મુદ્દા નં.૨ ના જવાબ તરીકે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## – હુકમ –

૧. આ કામના આરોપી: **ભાવેશગીરી પ્રતાપગીરી ગોસાઈ** ઉ.વ.-૫૩, ધંધો- મજુરીકામ, રહે.લીંબડા ચોક, જામજોધપુર, તા.જામજોધપુર, જિ.જામનગર ને

પ્રોહી. એકટ કલમ ૬૬(૧)બી, ૮૫(૧) મુજબના શિક્ષાને પાત્ર ગુનામાથી સી.આર.પી.સી. કલમ–૨૪૮(૧) અન્વયે શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨. આ કામના આરોપીએ સી. આર. પી. સી. ની કલમ– ૪૩૭ (એ) અન્વયે રૂા.૫,૦૦૦/– ( અંકે રૂપિયા પાંચ હજાર પુરાના ) સધ્ધર જામીન તથા તેટલી જ રકમનો જાત મુચરકો રજુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

**હુકમ આજરોજ તારીખ : ૨૧મી, માહે : મે સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.**

સ્થળ : જામજોધપુર
તારીખ : ૨૧–૦૫– ૨૦૨૬

**( નરેશકુમાર રમેશભાઇ ગોહેલ )**
જયુડિશિયલ મેજિસ્ટ્રેટ ફ.ક.જામજોધપુર .
જજ કોડ : જીજે–૦૧૫૮૪

ડી.એચ.ચુડાસમા
ગુજ. સ્ટેનો